ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.

ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧

ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧

ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટસ/૧૬મી માર્ચ/૨૦૧૮/ ૨૨૪૭ તા.૨૨/૦૩/૨૦૧૮

પ્રતિ,
તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય : ગત તા.૧૬/૦૩/૨૦૧૮ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૧૬/૦૩/૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**

બિડાણઃ– એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા.૧૬મી માર્ચ-૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ તા.૧૬મી માર્ચ-૨૦૧૮ ના રોજ શુક્રવારે સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી અજય ગઢવી,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી શ્રવણસિંહ વાઘેલા,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર-કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડો. એમ.જી.ઠક્કર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. તા.૧૨/૦૧/૨૦૧૮ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
(નોંધઃ– ગત તારીખ તા.૧૨/૦૧/૨૦૧૮ની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવઃ– ૧. તા.૧૨/૦૧/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૨. નાણાંકિય વર્ષ– ૨૦૧૮–૧૯ના ઓડિટ રીપોર્ટ ની બહાલી બાબત.(પરિશિષ્ટ–૧)

**ઠરાવઃ– ૨. ઉપરોક્ત એજન્ડાના નાણાંકીય વર્ષ–૨૦૧૮–૧૯ ના સ્થાને સુધારો ઘ્યાને લઇ નાણાંકિય વર્ષ–૨૦૧૬–૧૭ ઓડિટ રીપોર્ટને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. તા.૨૦/૦૩/૨૦૧૮ ના રોજની કોર્ટ સભાની પ્રસ્તાવ સમિતિના ગઠનની બહાલી બાબત.
(ડો. કે.એમ.ત્રિવેદી–અઘ્યક્ષશ્રી, શ્રી મીલીન્દ સોલંકી–સભ્યશ્રી, ડો.ભાવેશ જેઠવા–સભ્યશ્રી)

**ઠરાવઃ– ૩. કચ્છ યુનિવર્સિટીની તા.૨૦/૦૩/૨૦૧૮ ના રોજની કોર્ટ સભા અંતગર્ત સભ્યશ્રીઓ દ્વારા રજુ થયેલ દરખાસ્તોને આખરી કરી પ્રસ્તાવ તૈયાર કરવા અને આ કોર્ટ સભાને લગતી તમામ કામગીરી અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા રચાયેલ પ્રસ્તાવ સમિતિને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. પરીક્ષાની કામગીરી અંતગર્ત પ્રશ્નપત્ર છાપકામ ના ટેન્ડરની મુદતમાં વધારા બાબત.
(નોંધઃ– નાણાંકિય વર્ષ–૨૦૧૬–૧૭ દરમ્યાન પ્રશ્નપત્ર છાપકામ અંગે કરેલી પ્રક્રિયાના અંતે સુર્યા ઓફસેટ, અમદાવાદને આપેલ વર્ક ઓર્ડર ટેન્ડર મુજબ તા.૩૦/૦૪/૨૦૧૮ના રોજ પૂર્ણ થતો હોય આગામી પરીક્ષાની જરૂરીયાતને ઘ્યાને લઇ ૬(છ) માસ માટે મુદત વધારો કરવા.) (પરિશિષ્ટ–૨)

**ઠરાવઃ– ૪. કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાની કામગીરી અને ટેન્ડર પ્રક્રિયાના સમયાવધિને ઘ્યાને લઇ હાલની સબંધિત પાર્ટીને વધુ છ–માસ માટે એજ**

**કોન્ટ્રાકટની શરતોને આધિન મુદત વધારી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. ૦૪–ઓકટોમ્બર–૨૦૧૭ ના રોજ યોજાયેલ સાતમાં કોન્વોકેશન દરમ્યાન થયેલ કુલ ખર્ચની રકમ રૂ. ૮૮૪૮૮૫/– (અંકે રૂપિયા આઠ લાખ ચોર્યાસી હજાર આઠસો પંચ્યાસી પુરા) ની બહાલી બાબત.(પરિશિષ્ટ–૩)

**ઠરાવઃ– ૫. કચ્છ યુનિવર્સિટીના તા.૦૪–ઓકટોમ્બર–૨૦૧૭ ના રોજ યોજાયેલ સાતમાં કોન્વોકેશન દરમ્યાન થયેલ કુલ ખર્ચની રકમ રૂ. ૮૮૪૮૮૫/– (અંકે રૂપિયા આઠ લાખ ચોર્યાસી હજાર આઠસો પંચ્યાસી પુરા)ને મંજુર રાખવા અને થયેલ ચૂકવણાંને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. તા.૦૨–જાન્યુઆરી થી તા.૦૫–જાન્યુઆરી–૨૦૧૮ દરમ્યાન અમદાવાદ ખાતે યોજાયેલ એજયુકેશન ફેરના ખર્ચની કુલ રકમ રૂ.૨૪૬૬૭૪/– (અંકે રૂપિયા બે લાખ છેતાલીસ હજાર છસો ચુમોતેર પુરા) ની બહાલી બાબત.(પરિશિષ્ટ–૪)

**ઠરાવઃ– ૬. કચ્છ યુનિવર્સિટીના તા.૦૨–જાન્યુઆરી થી તા.૦૫–જાન્યુઆરી–૨૦૧૮ દરમ્યાન અમદાવાદ ખાતે યોજાયેલ એજયુકેશન ફેરના ખર્ચની કુલ રકમ રૂ.૨૪૬૬૭૪/– (અંકે રૂપિયા બે લાખ છેતાલીસ હજાર છસો ચુમોતેર પુરા) ને મંજુર રાખવા અને થયેલ ચૂકવણાંને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. ૩૦મી ડિસેમ્બર–૨૦૧૭ ના રોજ યોજાયેલ યુથ ફેસ્ટીવલના કુલ ખર્ચની રકમ રૂ.૪૨૨૨૮૮/– (અંકે રૂપિયા ચાર લાખ બાવીસ હજાર બસો અઠયાસી પુરા) ની બહાલી બાબત.(પરિશિષ્ટ–૫)

**ઠરાવઃ– ૭. કચ્છ યુનિવર્સિટીના તા.૩૦મી ડિસેમ્બર–૨૦૧૭ ના રોજ યોજાયેલ યુથ ફેસ્ટીવલના કુલ ખર્ચની રકમ રૂ.૪૨૨૨૮૮/– (અંકે રૂપિયા ચાર લાખ બાવીસ હજાર બસો અઠયાસી પુરા) ને મંજુર રાખવા અને થયેલ ચૂકવણાંને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. કચ્છ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં ઉર્તિણ થનાર પ્રથમ ક્રમના વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવાના નીતિ–નિયમો મંજુર કરવા બાબત.
(નોંધ– નિતિ–નિયમો અંગેની સમિતિના સભ્યશ્રીઓ ડો. દર્શના ધોળકીયા, ડો.કે.એમ.ત્રિવેદી, ડો.પી.એસ.હિરાણી દ્વારા રજુ થયેલ નિતિ–નિયમની પ્રસ્તાવીત નકલ) (પરિશિષ્ટ–૬)

**ઠરાવઃ– ૮. કચ્છ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં પ્રથમ ક્રમના વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવાના નીતિ–નિયમો અંગેના સમિતિ દ્વારા રજુ કરવામાં આવેલ અહેવાલમાં સુવર્ણ ચંદ્રક મેળવનાર વિદ્યાર્થીઓ માટેના નિયમોમાં ક્રમ–૮ પર જો વિદ્યાર્થી ફાઉન્ડેશનમાં અન–ઉતિર્ણ હોય તો તે વિદ્યાર્થીનો તે એક પ્રયત્ન ગણાય અને જે–તે વિદ્યાર્થીને રીપીટર ગણવો અને તે વિદ્યાર્થી ગોલ્ડ મેડલ મેળવવા માટે ક્રમ–૭માં દર્શાવ્યા મુજબ હકકદાર નથી તે સુધારા સાથે અહેવાલને ગ્રાહય રાખી મંજુર રાખવા અને અમલીકરણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. કચ્છ યુનિવર્સિટીના કર્મચારીઓના પગાર વધારા સમિતિના અહેવાલ સમીક્ષા બાબત.
(નોંધઃ– તા.૦૫/૦૭/૨૦૧૭ ની એકિઝકયુટીવ કાઉન્સીલના ઠરાવ ક્રમ–૨૫થી રચાયેલ સમિતિએ આપેલ અહેવાલને તા.૦૪/૦૮૫/૨૦૧૭ ની એકિઝકયુટીવ કાઉન્સીલના ઠરાવ–૧૦ થી બહાલ

રાખવામાં આવેલ અને સબંધિતોને પગાર ચુકવણી કરવામાં આવેલ. આ અહેવાલમાં દર્શાવેલ ઠરાવ ક્રમ–૧ થી ૩ મુજબ છ–માસના અંતે કર્મચારીની કામગીરીની સમીક્ષા કરી અહેવાલ પુનઃરજુ કરવાનો થતો અહેવાલની ચર્ચા અને વિચારણા અંતે પગાર ચુકવવા બાબત.) (પરિશિષ્ટ–૭)

**ઠરાવઃ– ૯. કચ્છ યુનિવર્સિટીની પગાર વધારા સમિતિ દ્વારા તત્કાલિન સમયે રજુ થયેલ અહેવાલને અંગે ચર્ચા–વિચારણાંને અંતે અહેવાલ આગામી એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભામાં પુનઃ રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ યોજાયેલ નાણાં સમિતિની સભાની મીનીટ્સ નોંધની બહાલી બાબત.(પરિશિષ્ટ–૮)

**ઠરાવઃ– ૧૦. નાણાં સમિતિની તા.૧૭/૦૨/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૧૧. તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ યોજાયેલ ખરીદ સમિતિની સભાની મીનીટ્સ નોંધની બહાલી બાબત.(પરિશિષ્ટ–૯)

**ઠરાવઃ– ૧૧.ખરીદ સમિતિની તા.૧૭/૦૨/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૧૨. તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ યોજાયેલ બાંધકામ સમિતિની સભાની મીનીટ્સ નોંધની બહાલી બાબત.(પરિશિષ્ટ–૧૦)

**ઠરાવઃ– ૧૨. બાંધકામ સમિતિની તા.૧૭/૦૨/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૧૩. કચ્છ યુનિવર્સિટી ખાતેના સમારકામ, નવિનીકરણ અને વન–ટાઇમ કેચ–અપ ગ્રાન્ટ અંતગર્ત ચાલતાં વિકાસના કામો પૈકી જે કામોના ખર્ચના અંતિમ બિલો રજુ થયેલ છે અને તેના થયેલ ચૂકવણાંને બહાલ રાખવા બાબત.
(નોંધઃ– કચ્છ યુનિવર્સિટી ખાતેના સમારકામ, નવિનીકરણ અને વન–ટાઇમ કેચ–અપ ગ્રાન્ટ અંતગર્ત ચાલતાં વિકાસના કામો પૈકી જે કામોના ખર્ચના અંતિમ બિલો રજુ થયેલ છે જે આ સાથે સામેલ છે.) (પરિશિષ્ટ–૧૧)

**ઠરાવઃ– ૧૩. કચ્છ યુનિવર્સિટી ખાતેના સમારકામ, નવિનીકરણ અને વન–ટાઇમ કેચ–અપ ગ્રાન્ટ અંતગર્ત ચાલતાં વિકાસના કામો પૈકી જે કામોના ખર્ચના અંતિમ બિલો રજુ થયેલ છે તે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની તા.૦૯/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમ–૦૭ થી રચાયેલ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવ્યાં અને સમિતિ દ્વારા મંજુરીને આધિન તે અંતિમ બિલોની થયેલ પ્રક્રિયાને બહાલ રાખવા અને ચુકવણાંને મંજુર રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે કાર્યરત બેંકના નવા મકાન માટે ભાડું નક્કિ કરવા અને આ સાથે સામેલ ભાડા–કરારની શરતો નક્કિ કરવા બાબત. (પરિશિષ્ટ–૧૨)

**ઠરાવઃ– ૧૪. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે કાર્યરત બેંકના નવા મકાન માટે એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ સાથે બેંકના બ્રાંચ મેનેજરશ્રી અને બેંકના જવાબદાર અધિકારીશ્રી સાથે થયેલ વાટાઘાટના અંતે પ્રતિ માસ રૂા.૨૮/– પ્રતિ ચોરસ ફુટના દરથી માસિક ભાડું અને દર ૩(ત્રણ) વર્ષે ૧૫ % ના વધારા સાથે મહતમ ૯(નવ) વર્ષ સુધી ભાડા કરાર કરવા**

**દર્શાવેલી તમામ શરતોને સર્વાનુમતે બહાલ રાખવા અને તે મુજબ અમલીકરણ કરવા ઠરાવવવામાં આવ્યું.**

૧૫. ડો.જીગ્નેશ ટાપરીયાની નિમણુંક સંદર્ભમાં તેઓશ્રી દ્વારા મદદનીશ પ્રાધ્યાપક તરીકે જોડાવવા માંગતા નથી તે અન્વયે મળેલી અરજી બાબત.(પરિશિષ્ટ–૧૩)

**ઠરાવઃ– ૧૫. કચ્છ યુનિવર્સિટી ખાતેની ભરતી પ્રક્રિયા બાદ ડો. જીગ્નેશ ટાપરીયા ની મનોવિજ્ઞાન વિષયમાં આસી.પ્રોફેસર તરીકે પસંદગી બાદ નિમણુંક આપવામાં આવેલ. પરંતુ તેઓશ્રી યુનિવર્સિટી ખાતે હાજર થવા ઇચ્છતા ન હોઇ આ પસંદગી પ્રક્રિયા વખતે પસંદગીના ક્રમમાં બીજા ક્રમે પસંદગી કરવામાં આવી હોય તો તે ઉમેદવારને નિમણુંક આપવી અન્યથા ફરીથી ભરતી પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૬. યુનિર્સિટી ખાતેના યુટીલીટી બિલ્ડીગમાં કેન્ટીન, ઝેરોક્ષ એન્ડ સ્ટેશનરી વગેરેના ભાડાં નકિક કરવા બાબત.

(નોંધઃ– કચ્છ યુનિવર્સિટીના વર્ષ–૨૦૧૪–૧૫ ના જનરલ ફંડના હિસાબોના અન્વયેષણ અહેવાલ ફરકા નં.૧૦(૨) મુજબ દર માસે રૂ.૪૦૦૦/– મકાન નિભાવણી ખર્ચ યુનિવર્સિટી ખાતે જમાં કરાવવાનો રહે છે. કરારખત કે ટેન્ડરમાં કોઇ જોગવાઇ ન હોવા છતાં ભાડું માફ કરવા બદલ જવાબદારેથી સ્પષ્ટતા રજુ કરવા જણાવેલ છે.–આ બાબતે ચર્ચા–વિચારણા) (પરિશિષ્ટ–૧૪)

**ઠરાવઃ– ૧૬. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યુટીલીટી બિલ્ડીગમાં કેન્ટીન, ઝેરોક્ષ એન્ડ સ્ટેશનરી વગેરે સવલતો ના દરેક યુનિટ દિઠ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) માસિક મકાન નિભાવણી ખર્ચ તરીકે વસુલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૭. યુનિવર્સિટી સંલગ્ન ચાણકય કોલેજ ઓફ ફિઝીયોથેરાપી ખાતે શરૂ થયેલ બેચલર ઓફ ફીઝીયોથેરાપી (બી.પી.ટી.) ના પરીક્ષાના મહેનતાણાંના નિયમો/ દરો નકિક કરવા બાબત.(પરિશિષ્ટ–૧૫)

**ઠરાવઃ– ૧૭. કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન ચાણકય કોલેજ ઓફ ફિઝીયોથેરાપી ખાતે શરૂ થયેલ બેચલર ઓફ ફિઝીયોથેરાપી (બી.પી.ટી.) ના પરીક્ષાના મહેનતાણાં પરિશિષ્ટ–૧૫માં દર્શાવ્યા મુજબ મંજુર કરવા અને અમલીકરણમાં લાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૮. પુસ્તક ખરીદી અંગેની મળેલી અંદાજિત કુલ રૂ.૧૪૫૭૦૦૦/–( અંકે રૂપિયા ચૌદ લાખ સતાવન હજાર પુરા) ની મંજુરી બાબત. (પરિશિષ્ટ–૧૬)

**ઠરાવઃ– ૧૮. કચ્છ યુનિવર્સિટીના પુસ્તક ખરીદી અંગેની મળેલી અંદાજિત કુલ રૂ.૧૪૫૭૦૦૦/–( અંકે રૂપિયા ચૌદ લાખ સતાવન હજાર પુરા) ને મંજુર રાખવા અને થયેલ ચૂકવણાંને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૯. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ સાથે તા.૦૫/૧૨/૨૦૧૬ ના રોજ યુનિવર્સિટી ખાતે બાયોગેસ પ્લાન્ટ ઉભું કરવા માટેના એમ.ઓ.યુ.ની શરત–૩(ડી) મુજબ કાર્યરત બાયોગેસ પ્લાન્ટ દશ વર્ષની મુદત માટેના બાંહેધરી–પત્રક/કરાર કરવા બાબત. (પરિશિષ્ટ–૧૭)

**ઠરાવઃ– ૧૯. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ સાથે તા.૦૫/૧૨/૨૦૧૬ ના રોજ યુનિવર્સિટી ખાતે બાયોગેસ પ્લાન્ટ ઉભું કરવા માટેના એમ.ઓ.યુ.ની શરત–૩(ડી) મુજબ કાર્યરત બાયોગેસ**

**પ્લાન્ટ દશ વર્ષની મુદત માટેના બાહેધરી–પત્રક/કરાર કરવા સર્વાનુમતે ઠરાવવવામાં આવ્યું.**

૨૦. કચ્છ યુનિવર્સિટીના કરાર આધારીત કર્મચારીઓના ઇ.પી.એફ.ની કપાત કરવા બાબત.
(નોંધઃ– તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૩. થી કચ્છ યુનિવર્સિટી ખાતે મંજુર થયેલ મહેકમ સિવાયના કાર્યરત કર્મચારીના કર્મચારી ભવિષ્ય નિધિ ફંડ અન્વયે કર્મચારીઓના ઓર્ડર રીન્યુ કર્યા તે **તારીખઃ૦૫/૦૮/૨૦૧૭થી ઇ.પી.એફ.ચુકવવું.** આ અંગે કર્મચારીની લેખિત બાંહેધરી લઇ કાર્યવાહી હાથ ધરવા પ્રક્રિયા કરવી. જો કોઇ કર્મચારી આ બાબતે સહમત ન હોય તેવા સંજોગોમાં તે કર્મચારીનો ઓર્ડર રીન્યુ ન કરવો અને વર્તમાન ફરજમાંથી મુકત કરવા. હવેથી જરૂરી જણાય ત્યારે મેન પાવર આઉટ સોર્સીગથી મેળવવા અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. સદર બાબતે ઇ.પી.એફ. કન્સ્લન્ટન્ટશ્રીના, નાણાં સમિતિના સભ્યશ્રીઓ સાથે થયેલ ચર્ચા અને રજુ કરેલ અભિપ્રાય અન્વયે નાણાં સમિતિની બેઠકના ઠરાવ ક્રમ–૬ મુજબ પુનઃ રજુ કરવાનું ઠરાવેલ હોઇ આ મુદો નિર્ણયાર્થે રજુ)

**ઠરાવઃ– ૨૦. કચ્છ યુનિવર્સિટી ના કરાર આધારીત કર્મચારીઓના ઇ.પી.એફ.ની કપાત કરવા તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૩. થી કચ્છ યુનિવર્સિટી ખાતે મંજુર થયેલ મહેકમ સિવાયના કાર્યરત કર્મચારીના કર્મચારી ભવિષ્ય નિધિ ફંડ અન્વયે કર્મચારીઓના ઓર્ડર રીન્યુ કરવામાં આવેલ અને તારીખઃ૦૫/૦૮/૨૦૧૭ થી ઇ.પી.એફ.ચુકવવા ઠરાવ કરવામાં આવેલ પરંતુ આ બાબતે ચર્ચા–વિચારણાંના અંતે આ બાબતે નીચે મુજબની વિગતે સુધારા/વધારા સાથે ચુકવવા સર્વાનુમતે ઠરાવવવામાં આવ્યું.**

**૧. ઉપરોકત વિગતના તા.૨૨/૧૨/૨૦૧૭ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભાના ઠરાવ નં.૩ ને રદ કરવો.**
**૨. તા.૦૧/૦૪/૨૦૧૮ થી ઇ.પી.એફ.ની કપાત કરી (એપ્રિલ–પેઇડ, પે ઇન મે મુજબ) રકમ જમાં કરાવવી**
**૩. તા.૦૧/૦૪/૨૦૧૮ પૂર્વેની કર્મચારીઓની ઇ.પી.એફ.ની કપાત રકમ જતી કરવી.**
**૪. ભવિષ્યમાં થનાર ઇ.પી.એફ. કપાત અને કર્મચારીના અન્ય લાભ માટેનું નાણાંકિય આયોજન ગોઠવવું.**

૨૧. એકેડેમિક બ્રાન્ચ તરફથી રજુ થયેલ બાબતો.
(૧) વર્ષ ૨૦૧૭–૧૮ ના જોડાણ જાહેરનામા સરકારશ્રી માંથી મેળવવા અંગે.
(૨) વર્ષ ૨૦૧૮–૧૯ ની એલ.આઇ.સી. નિમવા અંગે.
(૩) વર્ષ ૨૦૧૮–૧૯માં નવા અભ્યાસક્રમ શરૂ કરવા અંગે.
(૪) મેડિકલ વિદ્યાશાખા અંતર્ગત M.D. Radio Diagnosis, M.D. General Medicine, M.D. Opthalmology, M.D. Anesthesiology, અભ્યાસક્રમ ૨૦૧૮–૧૯ થી શરૂ કરવા સરકારશ્રીમાંથી સૈધ્ધાંતિક પૂર્વ મજૂરી આવી ગયેલ છે તો કોલેજ લિસ્ટમાં આ નામો અપડેટ કરવા તથા આગળની કાર્યવાહી કરવા બાબત.
(૫) તોલાણી કોમર્સ કોલેજ ખાતે નવા શરૂ થયેલા અભ્યાસક્રમ (બી.કોમ. પ્રોફેસનલની ફી પરત કરવા અંગે.
(૬) તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ ખાતે કચ્છ યુનિવર્સિટી પરિપત્ર નંબર ૩૧/૨૦૧૪–૧૫ તા. ૧૧/૬/૨૦૧૫ થી વર્ષ ૨૦૧૫–૧૬, ૨૦૧૬–૧૭, ૨૦૧૭–૧૮ એમ ત્રણ વર્ષ માટે કાયમી સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી. અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી અપાયેલ હતી તો આગળ ની કાર્યવાહી અંગે તથા સરકારશ્રી માંથી આ અભ્યાસક્રમના જોડાણ જાહેરનામા મેળવવા કે નહી તે અંગેના માર્ગદર્શન અંગે.

(૭) તોલાણી કોમર્સ કોલેજ ખાતે ચાલુ અભ્યાસક્રમ બી.વોક. ના જોડાણ જાહેરનામા સરકારશ્રીમાંથી મંગાવવાના થાય છે કે નહી તે અંગે માર્ગદર્શન અર્થે, અગાઉના વર્ષોમાં આ જોડાણ જાહેરનામાં મંગાવેલ નથી.

(૮) શ્રી આર.આર. લાલન કોલેજ ખાતે બી.એસ.સી બોટની અને બી.એસ.સી. ઝૂલોજી ને સરકારી ધારાધોરણ મુજબ નિયત થયેલ ફી ૨૦૧૫-૧૬થી ત્રણ વર્ષ ચલાવવા યુનિવર્સિટીને પત્ર ક્રમાંક બી.એસ.સી. બોટની - ઝુલોજી ક્લાસ / ૨૦૧૪-૧૫/૨૨૧ તા.૬/૫/૨૦૧૫ થી મંજૂરી મેળવેલ હતી. કોલેજે જા.ન. ૨૨૨૯/૨૦૧૭/૭૦૯ તા.૨૬/૧૨/૨૦૧૭થી આ બન્ને વધારાના વર્ગને લાબાગાળા માટે ચાલુ રાખવા તથા જોડાણ રિન્યુ કરવા અંગે વિનંતી કરેલ છે તો આ અંગેની કાર્યવાહી કરવાના માર્ગદર્શન તથા વધારા ના વર્ગ તરીકે સરકારશ્રી માંથી જોડાણ જાહેરનામા મેળવવાના રહે છે કે નહી તે અંગે માર્ગદર્શન અંગે.

(૯) બાબા નહારસિંગ ઈન્દ્રપ્રસ્થ ખાતે બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા સરકારશ્રી માંથી જોડાણ બંધ કરવા અંગેનુ જાહેરનામુ આવી ગયેલ છે તો કોલેજ બંધ કરવા તથા કોલેજની ડિપોઝીટ પરત કરવા અંગે.

(૧૦) તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ ખાતે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ એમ બે વર્ષ માટે યુનિવર્સિટી ખાતેથી એમ.એસ.સી.(ગણિત) મંજૂરી આપવામા આવેલ હતી તો આ અંગે આગળની કાર્યવાહી તથા આ કોર્ષનું જોડાણ જાહેરનામુ સરકારશ્રીમાંથી મંગાવવાનું રહે છે કે નહી તે અંગે માર્ગદર્શન આપવા અંગે.

**ઠરાવઃ-૨૧/૧.** **વર્ષ ૨૦૧૭-૧૮ ના જોડાણ જાહેરનામા સરકારશ્રી માંથી મેળવવા કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**ઠરાવઃ-૨૧/૨.** **વર્ષ ૨૦૧૮-૧૯ ની એલ.આઈ.સી. નિમવા માન.કુલપતિશ્રીને સતા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**ઠરાવઃ-૨૧/૩.** **વર્ષ ૨૦૧૮-૧૯માં નવા અભ્યાસક્રમ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવા માન.કુલપતિશ્રીને સતા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**ઠરાવઃ-૨૧/૪.** **મેડિકલ વિદ્યાશાખા અંતર્ગત** M.D. Radio Diagnosis, M.D. General Medicine, M.D. Opthalmology, M.D. Anesthesiology, **અભ્યાસક્રમ ૨૦૧૮-૧૯ થી શરૂ કરવા સરકારશ્રીમાંથી સૈધ્ધાંતિક પૂર્વ મજૂરી આવી ગયેલ છે તો કોલેજ લિસ્ટમાં આ નામો અપડેટ કરવા તથા આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**ઠરાવઃ-૨૧/૫.** **તોલાણી કોમર્સ કોલેજ ખાતે નવા શરૂ થયેલા અભ્યાસક્રમ (બી.કોમ. પ્રોફેસનલ) અન્વયે યુ.જી.સી.નું પત્ર દ્વારા માર્ગદર્શન મેળવવું અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**ઠરાવઃ-૨૧/૬.** **તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ ખાતે કચ્છ યુનિવર્સિટી પરિપત્ર નંબર ૩૧/૨૦૧૪-૧૫ તા. ૧૧/૬/૨૦૧૫ થી વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ એમ ત્રણ વર્ષ માટે કાયમી સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી. અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી અપાયેલ હતી તે વર્ષ ૨૦૧૮-૧૯ સુધી ચાલુ રાખવી અને તે અંગે થયેલી કાર્યવાહી અંગેની વિગતો દસ્તાવેજ સાથે કોલેજ દ્વારા રજુ થાય ત્યારબાદ સરકારશ્રીમાંથી આ અભ્યાસક્રમના જોડાણ જાહેરનામા મેળવવા અને તે અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**ઠરાવઃ-૨૧/૭.** **તોલાણી કોમર્સ કોલેજ ખાતે ચાલુ અભ્યાસક્રમ બી.વોક. ના જોડાણ જાહેરનામા સરકારશ્રીમાંથી મંગાવવા બાબતે થયેલી કાર્યવાહી અંગેની વિગતો દસ્તાવેજ સાથે કોલેજ દ્વારા રજુ થાય ત્યારબાદ સરકારશ્રીમાંથી**

આ અભ્યાસક્રમના જોડાણ જાહેરનામા મેળવવા અને તે અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવઃ–૨૧/૮. શ્રી આર.આર. લાલન કોલેજ ખાતે બી.એસ.સી બોટની અને બી.એસ.સી. ઝૂલોજી ને સરકારી ધારાધોરણ મુજબ નિયત થયેલ ફી ૨૦૧૫–૧૬થી ત્રણ વર્ષ ચલાવવા તા.૬/૫/૨૦૧૫ થી મંજૂરી આપવામાં આવેલ હતી. હાલમાં કોલેજે આ બન્ને વધારાના વર્ગને લાબાગાળા માટે ચાલુ રાખવા તથા જોડાણ રિન્યુ કરવા માંગણી રજુ કરેલ હોઇ આ અંગે સરકારશ્રીની મંજુરીને આધિન આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવઃ–૨૧/૯ બાબા નહારસિંગ ઈન્દ્રપ્રસ્થ ખાતે બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા સરકારશ્રી માંથી જોડાણ બંધ કરવા અંગેનુ જાહેરનામુ આવી ગયેલ હોઇ અત્રેની કાર્યવાહી હાથ ધરી કોલેજ બંધ કરવા તથા કોલેજની ડિપોઝીટ પરત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવઃ–૨૧/૧૦. તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ ખાતે વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ એમ બે વર્ષ માટે યુનિવર્સિટી ખાતેથી એમ.એસ.સી.(ગણિત) મંજૂરી આપવામા આવેલ હતી તે અંગે થયેલી કાર્યવાહી અંગેની વિગતો દસ્તાવેજ સાથે કોલેજ દ્વારા રજુ થાય ત્યારબાદ સરકારશ્રીમાંથી આ અભ્યાસક્રમના જોડાણ જાહેરનામા મેળવવા અને તે અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૨. કચ્છ યુનિવર્સિટી કોર્ટની સભાનો કાર્યક્રમ બાબત.(પરિશિષ્ટ–૧૮)

ઠરાવઃ–૨૨. કચ્છ યુનિવર્સિટી કોર્ટની ચૂંટણીમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે હેતુથી ચૂંટણી પ્રક્રિયા તા.૧૫/૦૬/૨૦૧૮ બાદ હાથ ધરાય તે મુજબનો ચૂંટણી કાર્યક્રમ ગોઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

## અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ

૨૩. એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં જુદા–જુદા સમયે રચાયેલ જુદી–જુદ સમિતિઓના અહેવાલ બાબત.

ઠરાવઃ–૨૩. કચ્છ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની જુદા–જુદા સમયે રચાયેલ જુદી–જુદી સમિતિઓની યાદી બનાવવી અને જે–તે સમિતિના અધ્યક્ષને અને જે સમિતિમાં અધ્યક્ષ ન હોય તે સમિતિના પ્રથમ ક્રમે રહેલા સભ્યએ સમિતિ અહેવાલ સત્વરે રજુ કરવા અને તે અંગેની કાર્યવાહી હાથ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૪. ઓન–લાઇન ટેન્ડરીગ અન્વયે ફાયનાન્સ બીડ ઓપન કરવા બાબત.

ઠરાવઃ–૨૪. કચ્છ યુનિવર્સિટીની ઓન લાઇન ટેન્ડરીગ અન્વયે ઓપન કરવામાં આવેલ ફાયનાન્સ બીડ આગામી બાંધકામ સમિતિમાં રજુ કર્યા બાદ સમિતિ દ્વારા મંજુરીને આધિન થયેલ પ્રક્રિયાને બહાલ રાખવા અને તે મુજબ અંગેની કાર્યવાહી હાથ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૫. આર.એન્ડ ડી. સેલના કો–ઓર્ડિનેટરશ્રીના રાજીનામાં બાબત.

**ઠરાવઃ–૨૫.** કચ્છ યુનિવર્સિટીના આર. એન્ડ ડી. સેલના કો–ઓર્ડિનેટરશ્રી એમ.જી.ઠક્કરને માન.કુલપતિશ્રી સમક્ષ રૂબરૂ ચર્ચા માટે બોલાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૬. સિસ્ટમ ઇજનેરશ્રી તરફથી રજુ થયેલ બાબતો.

૧. નેશનલ એકેડેમિક ડીપોઝીટરી –યુ.જી.સી. ના આદેશ અન્વયે એન.એસ.ડી.એલ. સાથે એગ્રીમેન્ટ કરવા બાબત.

**ઠરાવઃ–૨૬/૧.** નેશનલ એકેડેમિક ડીપોઝીટરી –યુ.જી.સી. ના આદેશ અન્વયે એન.એસ.ડી.એલ. સાથે નિયત નમુનામાં દર્શાવ્યા મુજબ એગ્રીમેન્ટ કરવા અને તે મુજબની કાર્યવાહી સીસ્ટમ ઇજનેરશ્રીને જવાબદારી સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨. કચ્છ યુનિવર્સિટીમાં સેન્ટ્રલાઇઝ પ્રવેશ પ્રક્રિયા બાબત.

**ઠરાવઃ–૨૬/૨.** કચ્છ યુનિવર્સિટીમાં ડીઝીટીલાઇઝેશન અન્વયે એમ.કે.સી.એલ. સાથે એમ.ઓ.યુ. અસ્તિત્વમાં હોઇ પુખ્ત ચર્ચા–વિચારણાના અંતે સેન્ટ્રલાઇઝ પ્રવેશ પ્રક્રિયા પણ એમ.કે.સી.એલ. હસ્તગત કરવાની કાર્યવાહી કરવાની જવાબદારી સીસ્ટમ ઇજનેરશ્રીએ નિભાવવા અને એમ.કે.સી.એલ. સાથેનો કરાર રદ કરવા અંગે કરેલ ઠરાવને રદબાતલ ગણવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. એસ.આર.પી.ડી. બાબત.

**ઠરાવઃ–૨૬/૩.** કચ્છ યુનિવર્સિટીની જુદી–જુદી પરીક્ષાઓ અંતગર્ત જે અભ્યાસક્રમોમાં એસ.આર.પી.ડી. અમલીકૃત છે તે જ અભ્યાસક્રમોમાં તે ચાલુ રાખવા અને અન્ય અભ્યાસક્રમોમાં પરીક્ષા નિયામકશ્રીના અભિપ્રાયને આધિન કાર્યવાહી કરવાની જવાબદારી સીસ્ટમ ઇજનેરશ્રીએ નિભાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૭. કચ્છ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના બાબત.

**ઠરાવઃ–૨૭.** કચ્છ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધિ સમિતિની શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે નીચે મુજબની વિગતે રચવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | નામ | હોદો | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | ડો. દર્શના ધોળકીયા | અધ્યક્ષશ્રી | |
| ૨ | ડો. પી.એસ.હિરાણી | સભ્યશ્રી | |
| ૩ | ડો. મનીષ પંડયા | સભ્યશ્રી | |
| ૪ | ડો. એલ.વી.ફફલ | સભ્યશ્રી | |
| ૫ | શ્રી અરૂણ ભીડે | સભ્યશ્રી | |

૨૮. કચ્છ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધિ સમિતિની જાહેરનામું બહાલ રાખવા બાબત.

**ઠરાવઃ–૨૮.** કચ્છ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધિ સમિતિ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાંને અને તે મુજબની હાથ ધરેલ કાર્યવાહીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૯. કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન સ્ટ્રોંગરૂમ ફાળવવા બાબત.

**ઠરાવઃ–૨૯.** **કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન સરકારી/ અનુદાનિત સંસ્થાના આચાર્યશ્રીની સંપૂર્ણ જવાબદારીથી પરીક્ષા નિયામકશ્રીના માર્ગદર્શન હેઠળ સ્ટ્રોંગરૂમ ફાળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૦. કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાઓના મુલ્યાંકન કાર્યમાં મોડરેશન વ્યવસ્થા દાખલ કરવા બાબત.

**ઠરાવઃ–૨૯.** **કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાઓના મુલ્યાંકન કાર્યમાં મોડરેશન વ્યવસ્થા રદ કરવામાં આવેલ હતી તે ઠરાવને રદબાતલ ગણી માર્ચ–૨૦૧૭ની પરીક્ષાઓથી મોડરેશન વ્યવસ્થા દાખલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૧. કચ્છ યુનિવર્સિટીની વિવિધ જરૂરીયાતો અને વિવિધ સેવાઓ મેળવવા અંગેના વર્ષ– ૨૦૧૮–૧૯ ના ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા બાબત.

**ઠરાવઃ–૩૧.** **કચ્છ યુનિવર્સિટીની વિવિધ જરૂરીયાતો અને વિવિધ સેવાઓ મેળવવા અંગેના વર્ષ– ૨૦૧૮–૧૯ ના ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા તૈયાર કરેલ ટેન્ડરનો મુસદાઓ અને તેની શરતો તમામ સભ્યશ્રીઓને ઇ–મેઇલ દ્વારા મોકલવી અને તે અંગેના સુધારા/વધારા દીન–૩ રજુ કરવા, જો રજુ કરવામાં ન આવે તો તૈયાર કરવામાં આવેલ મુસદાઓ અને શરતો ને બહાલ રાખી તે મુજબ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૨. પીરીયોડિકલ્સની ખરીદી અંગેની મળેલી અંદાજિત કુલ રૂ.૩૫૮૧૯૮/–( અંકે રૂપિયા ત્રણ લાખ અઠાવન હજાર એકસો અઠાણું પુરા) ની મંજુરી બાબત.

**ઠરાવઃ– ૩૨.** **કચ્છ યુનિવર્સિટીના પીરીયોડિકલ્સની ખરીદી અંગેની મળેલી અંદાજિત કુલ રૂ.૩૫૮૧૯૮/–( અંકે રૂપિયા ત્રણ લાખ અઠાવન હજાર એકસો અઠાણું પુરા) ને મંજુર રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૩. કચ્છ યુનિવર્સિટીના એક્ટ/સ્ટેચ્યુટ/ ઓર્ડિનન્સમાં સુધારા/વધારા કરવા, આર.આર. તૈયાર કરવા બાબત.

**ઠરાવઃ– ૩૩.** **કચ્છ યુનિવર્સિટીના એક્ટ/સ્ટેચ્યુટ/ ઓર્ડિનન્સમાં સુધારા/વધારા કરવા, આર.આર. તૈયાર કરવા ડો. અનીલ ગોર, આર.આર.લાલન કોલેજ, ભુજની અધ્યક્ષતામાં સમિતિ રચવા, આ સમિતિમાં સભ્યશ્રીઓની નિમણુંક કરવા અને આ કામગીરીની સંપૂર્ણપણે પૂર્ણ કરવાની જવાબદારી સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૪. કચ્છ યુનિવર્સિટીના વર્તમાન સમયે અસ્તિત્વમાં રહેલ સેમેસ્ટર પધ્ધતિ બાબત.

**ઠરાવઃ– ૩૪.** **કચ્છ યુનિવર્સિટીમાં વર્તમાન સમયે અસ્તિત્વમાં રહેલ સેમેસ્ટર પરીક્ષા પધ્ધતિ બંધ કરી વાર્ષિક પરીક્ષા પધ્ધતિને પુનઃ ચાલુ કરવા સૈધ્ધાતિક રીતે સ્વીકારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૫. કચ્છ યુનિવર્સિટીના ફર્નિચર, સમારકામ, રીપેરીંગ કામગીરી અન્વયે બાકી રહેતા ચૂકવણાં બાબત.

ઠરાવઃ– ૩૫. કચ્છ યુનિવર્સિટીના ફર્નિચર, સમારકામ, રીપેરીંગ કામગીરી અન્વયે બાકી રહેતા ચૂકવણાં બાબત મળેલ સમિતિના તત્કાલ અહેવાલને ધ્યાને લઇ સમિતિ દ્વારા કરેલ ભલામણ મુજબ સબંધિત પાર્ટીઓને ચૂકવણું કરવા અને સબંધિત કર્મચારીઓ સામે સમિતિ દ્વારા જ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં તા.૨૬/૦૩/૨૦૧૮ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પુનઃ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા યોજવા અને અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

આપનો વિશ્વાસુ

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.